# COVID-19: એનએસડબલ્યુમાં ઘરેલું અને નજીકના સંપર્કો માટે નવા નિયમો

જો તમે ઘરેલું અથવા નજીકના સંપર્ક છો, અને COVID-19ના કોઇ લક્ષણો ધરાવતાં નથી, તો તમારે સેલ્ફ-આઇસોલેટ થવાની જરૂર નથી. પરંતુ તમારે NSW Healthની માર્ગદર્શિકાઓનું પાલન કરવું આવશ્યક છે:

- હોસ્પિટલ અને વૃદ્ધ સંભાળ સુવિધાઓ જેવા વધુ જોખમ ધરાવતાં સ્થળોની મુલાકાત ન લેશો.
- જો શક્ય હોય તો, કામ અને અભ્યાસ ઘરેથી કરો. જો તમારે કામ પર અથવા શિક્ષા સ્થળે જવાની જરૂર હોય તો, તમારે તમારા નોકરીદાતા અથવા શિક્ષણ સંસ્થાની મંજૂરી લેવી જરૂરી છે.
- જો તમે ૧૨ વર્ષ કે તેથી વધુ ઉંમરના હોવ તો, ઇમારતોની અંદર માસ્ક પહેરો. તમારે તમારા પોતાના ઘરની અંદર માસ્ક પહેરવાની જરૂર નથી.
- તમે જેમની સાથે ન રહેતાં હોવ તેવા લોકો સાથે મોટી સંખ્યામાં કે ભીડમાં ઇમારતોની અંદર મેળાવડામાં જવાનું ટાળો. જો તમારે હાજર રહેવું જરૂરી હોય, તો તમે જાઓ તે પહેલાં રેપિડ એન્ટિજન્ટ ટેસ્ટ કરો

તમારા ઘરમાં કોઇ વ્યક્તિનું COVID-19નું પરીક્ષણ હકારાત્મક આવ્યું હોય તેના પછી ૭ દિવસ સુધી નિયમોનું પાલન કરો.

જો તમને લક્ષણો હોય અથવા શરૂ થાય તો, તમારે સેલ્ફ-આઇસોલેટ થવું જોઇએ અને COVID-19 માટે પરીક્ષણ કરાવવું જોઇએ. જો તમારા પરીક્ષણનું પરિણામ હકારાત્મક હોય તો, NSW Healthની આરોગ્ય સલાહને અનુસરો.

જો તમારા પરીક્ષણનું પરિણામ નકારાત્મક હોય, તો જ્યાં સુધી તમારા લક્ષણો દૂર ન થાય ત્યાં સુધી ઘરે રહો.

**વધુ માહિતી માટે www.nsw.gov.au/covid-19/management/household-contacts ની મુલાકાત લો.**



© NSW Health April 2022.